ગાંધીનગર સમાચાર

**શહેરમાં સતત ત્રીજા દિવસે પણ વૃક્ષો ઢેર થયા**



### @ ગાંધીનગર...

- સેકટર-૨૨ ગાંધીનગર શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ ખાતે સવારે ૮.૩૦ કલાકે જૈન રામાયણ યોજાશે.
- રાજયના પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકી ૮૮મા જન્મ દિવસે સવારે ૧૦થી ૧૨ વાગે સર્કિટ હાઉસ ખાતે શુભેચ્છકોને મળશે.

**- દિલીપ પ્રજાપતિ**
9725647197

# પાટનગર યોજના ભવનની કચેરી સામે તોતિંગ વૃક્ષ ધરાશાયી થતા શેડ તુટયો

## શહેરમાં સતત ત્રીજા દિવસે પણ વૃક્ષો ઢેર થયા

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરમાં વરસાદી વાતાવરણ વચ્ચે વૃક્ષો જમીનદોસ્ત થવાનો સિલસિલો આજે પણ યથાવત રહયો હતો. શહેરમાં આજે પણ ઠેર ઠેર વૃક્ષો ધરાશાયી થયેલા જોવા મળ્યા હતા. સે-૧૬ માં પાટનગર યોજના ભવનમાં એક તોતિંગ વૃક્ષ ધરાશાયી થતા આખો શેડ તુટી ગયો હતો. તંત્ર દ્વારા થોડા સમય અગાઉ જ શેડ બનાવવા તોતિંગ ખર્ચ કરવામાં આવ્યો હતો. શહેરમાં નમી પડેલા ભયજનક વૃક્ષો દુર કરવા પણ નાગરિકોમાં પ્રબળ માંગ ઉઠવા પામી છે. નગરમાં આજે પણ નજર નાંખો ત્યાં વૃક્ષો આડશ થયેલા જોવા મળ્યા હતા.

છેલ્લા ચાર દિવસથી વરસાદી વાદળો મન મુકીને વરસતા નગરનુ જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયુ છે. શહેરમાં જયાં જોવો ત્યાં વરસાદી સમસ્યા ડોકીયુ કરતી નજરે પડે છે. જયારે સતત ત્રીજા દિવસે પણ શહેરમાં વૃક્ષો ધરાશાયી થયા હતા. શહેરમાં સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ ઘણાં ઠેકાણે વૃક્ષો તુટી પડયા હતા.સેકટર ૩ સી શકિત ચોકમાં તોતિંગ લીમડાનુ ઝાડ ધરાશાયી થયુ હતુ. જયારે સે-૨૦માં પણ રાજભવન તરફ જવાના માર્ગ પર વૃક્ષ જમીન દોસ્ત થયુ હતુ.સે-૧૬ માં પણ પાટનગર યોજના ભવન પાસે ૩ વૃક્ષો જમીન દોસ્ત થયા હતા.જેમાં પાટનગર યોજના ભવનની કચેરી પાસે જ તોતિંગ વૃક્ષ પડતા વોટર સંપ માટે બનાવેલા શેડનો ભુકો થઈ ગયો હતો. વૃક્ષોની વનરાજીથી ઘેરાયેલા નગરમાં વરસાદ હરિયાળી માટે આફતરૂપ બન્યો છે. ત્યારે આમ નાગરિકોમાં પણ વૃક્ષોનુ ટપોટપ પડવાની વરસાદી પ્રતિક્રીયા ભયજનક બની છે. શોપિંગ વિસ્તાર ઉપરાંત રહેણાંકમાં પણ ઘણાંખરા વૃક્ષો નમી પડેલા અને ભયજનક હાલતમાં છે. જેના પરિણામે આ વૃક્ષો ગમે ત્યારે જમીનદોસ્ત થાય તેવી દહેશત સાથે ભયનો માહોલ પ્રવર્તયો છે.



(તસવીર : દિપક જાની)

### વાત વાતમાં...

- નગરમાં આજે પણ વૃક્ષો પડવાનો સીલસીલો જારી રહ્યો હતો. કેટલાક પડું પડું થઈ રહેલા વૃક્ષો અંગે નાગરિકોએ વન વિભાગને સંપર્ક કરવા પ્રયત્ન કર્યો હતો. જો કે વન વિભાગ પણ પડેલા વૃક્ષોના નિકાલના કામમાં વ્યસ્ત હોવાથી 'સેવા'ના આપી શકતા નમેલા વૃક્ષો જોઈ નગરજનો ભયભીત રહ્યા હતાં.
- વરસાદે વિરામ લેતા બેંકોમાં ભીડ જોવા મળી હતી. એક સરકારી બેંકના સાહેબે પાસબુક ભરાવા આવેલ વયોવૃધ્ધ દંપતિને ઓટોમેટીક મશીનમાં જાતે પાસબુક ભરી લેવા ફરમાવી દીધું હતું. જોકે વડીલ કાકાને મશીનમાં પાસબુક ભરવાનું ના ફાવતા છેવટે કાકીએ પાસબુક ભરી બતાવી મહિલા સશકિતકરનું ઉદાહરણ પણ પુરું પાડયું હતું.
- ઘ-૪ પાસે સ્વર્ણિમ પાર્કના નયનરમ્ય વાતાવરણમાં કેટલાક યુવાનો ફિલ્મી ઢબે શુટિંગ કરી રહ્યા હતાં. આ જોઈ ઘણા રાહદારીઓ અને વાહનચાલકો કુતુહલવશ ઉભા રહી ગયા હતા. વરસાદી પાણી ભરાવાથી બનેલ નાનકડી તલાવડી પાસે આહલાદક વાતાવરણમાં યુવાનોએ શુટિંગ કર્યુ હતું.
- ધરોઈ ડેમમાંથી પાણી છોડાયાની વાત ફેલાતા અનેક નગરજનોએ બે કાંઠે વહેતી સાબરમતી નદી જોવા દોટ મુકી હતી. બપોરના સમયે સૂરજદાદાએ પણ દર્શન આપતા નગરજનોએ તેમના ફોટા પાડી વ્હોટસએપ પર શેર કર્યા હતા.

**- સમીર રામી**
9924446645

## ગાંધીનગર સ્થાપના દિન અંગેના રાષ્ટ્રીય શોકને કારણે કાર્યક્રમો રદ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરના સ્થાપનાદિન નિમિત્તે યોજાનાર જાહેર કાર્યક્રમો ડૉ. કલામના નિધન બાદ જાહેર થયેલા રાષ્ટ્રીય શોકના કારણે મુલતવી રખાયા છે. શહેરના ૫૧મા સ્થાપનાદિને ગાંધીનગર વસાહત મહામંડળ તથા રાજ્યપાલ તથા મંત્રીશ્રી નીતિનભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાનાર કાર્યક્રમ પણ આ કારણે રદ કરાયો છે.

તે ઉપરાંત તા. ૧ ઓગષ્ટે બ્રહ્માણી કૃપા હોલ ખાતે વસાહત મહામંડળ અને ગાંધીનગર સાહિત્યસભા દ્વારા યોજાનાર કવિ સંમેલન પણ રદ કરવામાં આવ્યુ છે, જેની સૌએ નોંધ લેવા વસાહત મહામંડળની એક અખબારી યાદીમાં જણાવાયું છે.



## ચિલોડા પંથકમાં વીજ પુરવઠો ખોરવાયો : ગ્રામજનોના પાણી માટે ઉધામા

ગાંધીનગર તાલુકાના ચિલોડા અને શિહોલી મોટી વગેરે ગામોમાં વરસાદી ચક્રવાતના કારણે પડી ગયેલા વીજ થાંભલાને કારણે વીજ પુરવઠો બંધ રહેવા પામ્યો હતો. વીજ પુરવઠો ખોરવાતા ગ્રામજનો માટે પીવાના પાણીની તંગી પડી હતી. જેના કારણે સુજલામ સુફલામ યોજનાના પાણીના ટાંકામાંથી વહેતા પાણીનો આશરો લેવો પડ્યો હતો. વીજ કંપનીના કર્મચારીઓએ પણ સત્વરે સમસ્યા ઉકેલાય તે માટે સઘન પ્રયત્નો હાથ ધર્યા છે. આ દરમ્યાન શ્રમજીવી પરિવારોને ભારે વરસાદના કારણે પડેલ હાલાકીનો ચિતાર મેળવવા જિલ્લા પંચાત પ્રમુખ હીનાબેન પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ કાલુસિંહ રાઠોડ અને વિકાસ અધિકારી સોની સાહેબે મુલાકાત લીધી હતી.

**(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)**

# અડાલજમાં આર.આર. સેલનો દરોડો : દારૂનો જથ્થો પકડાયો

### રોયલ વૈભવ હોમ્સમાંથી ૧૭૫ દારૂની બોટલ મળી ૨.૭૦ લાખનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર રેન્જ આઈજીપીની આર.આર.સેલે બાતમીને આધારે અડાલજ વિસ્તારમાં સ્થિત રોયલ વૈભવ હોમ્સમાં દરોડો પાડ્યો હતો. મકાનમાંથી ૧૭૫ નંગ વિદેશી દારૂની બોટલ મળી કુલ રૂ. ૨.૭૦ લાખનો મુદ્દામાલ પકડ્યો છે. આર.આર. સેલે દારૂ જપ્ત કરી સ્થાનિક પોલીસને સંડોવણી અંગે પણ તપાસ શરૂ કરી છે. જો કે બુટલેગર ફરાર થઈ ગયો છે.

આર.આર. સેલ પીએસઆઈ વી.એલ. પટેલ તથા તેમની ટીમના કોન્સ્ટેબલ જોગીન્દરસિંઘ સહીતના માણસોએ આજે બપોરના સુમારે અડાલજ એફ.સી.આઈ. ગોડાઉન સામે સ્થિત રોયલ વૈભવ હોમ્સના મકાન નં. ૩૦માં દરોડો પાડ્યો હતો. મકાનમાંથી ૧૧૯ નંગ રૂ. ૪૭,૬૦૦ની કિંમતની રોયલ સ્ટેગની બોટલ અને ૫૬ નંગ રૂ. ૨૨,૪૦૦ની કિંમતની રોયલ ચેલેન્જ ગોલ્ડ વ્હીસ્કી મળી કુલ રૂ. ૭૦ હજારનો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. તે ઉપરાંત મીની ટ્રક નં. જીજે-૧૮-એ.એક્સ ૩૩૪૫ કિ. રૂ. ૨ લાખ મળી કુલ રૂ. ૨.૭૦ લાખની કિંમતનો મુદ્દામાલ મળી આવતા આર.આર. સેલે મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. તો બીજી તરફ બુટલેગર અતુલ જયંતિ બારોટ મળી આવ્યો ન હતો. આ અંગે આર.આર. સેલે એ પણ તપાસ શરૂ કરી છે કે સ્થાનિક પોલીસની સંડોવણી તો નથી ને..!

## ડૉ. કલામને શહેર જાગૃત પરિષદે શ્રદ્ધાંજલિ અર્પિ

ગાંધીનગર, તા. ૨૯

કંકણમાંથી કુંદન બનેલા ભારત દેશના મિસાઈલમેન, ભારતરત્ન ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામને ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદે સાચા દિલથી શ્રદ્ધાંજલિ અર્પણ કરી ઘેરા દુઃખની લાગણી વ્યક્ત કરી છે. ઈશ્વર આ મહાન આત્માને સદગતિ અને ચીર શાંતિ આપે તેવી પ્રાર્થન કરી છે. ૮૩ વર્ષની વયે અવસાન પામનાર ડૉ. કલામને પરિષદે આદર્શ માર્ગદર્શન, મહાન રાષ્ટ્રભક્ત, પ્રજાના પ્રેસિડેન્ટ, નિસ્વાર્થ, પ્રામાણિક અને સાદા સાચા સદાચારી ગણાવ્યા છે. અણમોલ અજોડ રત્ન એવા ડૉ. કલામના કુટુંબીજનોને દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના કરી છે.

# નગરમાં લીમડા અડીખમ રહ્યાં

### ચક્રવાતમાં પડી ગયેલા વૃક્ષોમાં લીમડાની સંખ્યા નહીવત

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરમાં ચક્રવાત સાથેના વરસાદે સેંકડો લીલાછમ અને ઘટાટોપ વૃક્ષોને મૂળ સહિત ઉખેડી નાંખતા નગરજનોના હૃદયમાં ટીસ ઉઠવા પામી હતી. કેટલાક વૃક્ષોતો ૫૦થી પણ વધુ વર્ષ જુના હતા. અને નગરજનોએ પ્રેમથી જતન કર્યું હતું.

જો કે જે વૃક્ષો પડયા હતા તેમાં 'લીમડા'ની સંખ્યા નહીવત હતી. નગરમાં અનેક લીમડા ત્રાંસા અને પહેલેથી જ નમેલા હોવા છતાં આ ચક્રવાતમાં પડયા નથી. લીમડો આમ પણ આયુર્વેદિક રીતે ખુબ ગુણકારી અને અત્યંત ઉપયોગી વૃક્ષ છે. તેનો છાંયડો પણ ખૂબ શીતળ હોય છે. અને શિયાળામાં આખું ગાંધીનગર લીમડાના મોરનો રસ પીવે છે. આ ચક્રવાતમાં આખા વર્ષ દરમિયાન જેટલા વૃક્ષો વાવ્યા નહોતા તેનાથી અનેક ગણા વૃક્ષો પડી ગયાં છે. ત્યારે હવે બમણા જોશથી વધુ વૃક્ષો વાવવા પડશે તો શા માટે લીમડાના વૃક્ષનું જ વાવેતર ના કરીયે?

## માણસા આનંદીમાના વડલે ગંગાસ્વરૂપ માતૃશક્તિ વંદના

ગાંધીનગર, તા. ૨૯

માણસા આનંદીમાના વડલે ગંગાસ્વરૂપ માતૃશક્તિ વંદના કાર્યક્રમ યોજાશે. સંસ્થાના ટ્રસ્ટી દિનેશભાઈ વ્યાસના જન્મ દિવસ ૩૧ જુલાઈ નિમિત્તે ગંગાસ્વરૂપ માતૃશક્તિ બહેનોના હસ્તે ધાર્મિક વિધિ કરવામાં આવશે.

માતૃશક્તિ કાર્યક્રમમાં ૨૦૦ જેટલી સર્વજ્ઞાતિય ગંગાસ્વરૂપ બહેનોની વંદના કરવામાં આવશે. કાર્યક્રમમાં ૧૧ મુસ્લીમ સમુદાયની બહેનો જોડાશે. ૩૧ જુલાઈ બપોરે ૨.૦૦ વાગે ભાવનાબેન ગોકલાણી દ્વારા આનંદનો ગરબો ગાવામાં આવશે.

# કેપિટલ સ્ટેશન પર શાંતિ એકસપ્રેસના એન્જિન અને ટ્રેક વચ્ચે મોરનો પગ ફસાયો

### ઘવાયેલા મોરને વનશ્રી ટ્રસ્ટના સેવાભાવી યુવાનોએ વન વિભાગને સોંપ્યો

ગાંધીનગર તા ૨૯

કેપિટલ સ્ટેશનના ટ્રેક પર આજે બપોરે શાંતિ એકસપ્રેસના એન્જીન અને ટ્રેક વચ્ચે મોરનો પગ ફસાઈ જતા તેને ગંભીર ઈજાઓ થવા પામી હતી આ મામલે પક્ષી પ્રમી યુવાનોને જાણ થતા ઘવાયેલા મોરનો વન વિભાગને સોંપી દેવાયો હતો. જયાં મોરની સારવાર માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી હતી.

ગાંધીનગર રેલવે સ્ટેશન પર આજે બપોરે શાંતિ એકસપ્રેસ ટ્રેઈનના એન્જીન તેમજ રેલવે ટ્રેક વચ્ચે મોરનો પગ આવતા તેને ઈજાઓ થવા પામી હતી. આ બનાવ સંદર્ભે રેલવે સ્ટેશન દ્વારા વનશ્રી ટ્રસ્ટને જાણ કરાતા ટ્રસ્ટના મહાવીર નિમાવત તેમજ બ્રિજેશ પ્રજાપતિએ ઘટના સ્થળે પહોંચી ઘવાયેલા મોરને સારવાર માટે વન વિભાગને સોંપી દિધો હતો.શહેરમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી વરસાદી વાતવરણ વચ્ચે હરિયાળી પ્રકૃતિમાં નિખાર આવતા પક્ષીઓનો કલરવ પણ કાને પડે છે. સે-૧૯-૨૦ તેમજ પુનિત વન સહિતના વિસ્તારોમાં મોરનો ટહુકાર વિશેષ સાંભળવા મળે છે. જયારે રેલવે સ્ટેશન વિસ્તારમાં પણ મોરની વિશેષ ચહલ પહલ રહે છે.કેપિટલ સ્ટેશન પણ શાંત અને ખાલીખમ હોવાથી આ વિસ્તારમાં પણ રેલવે ટ્રેક ઉપર પણ ઘણીવાર મોરની અવર જવર રહે છે.

# ચૌધરી વિદ્યાલયની ટીમ સર્કલ કબડ્ડી રમત સ્પર્ધામાં રાજયકક્ષાએ પસંદગી પામી

ગાંધીનગર, તા. ૨૯

જિલ્લાકક્ષાની અંડર-૧૭ અને અંડર-૧૯ સર્કલ કબડ્ડી સ્પર્ધા સેક્ટર-૭ સ્થિત જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે યોજાઈ હતી. બન્ને સ્પર્ધામાં જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓની ટીમ વિજેતા બની હતી. ટીમ રાજ્યકક્ષાએ પસંદગી પામી છે.

જિલ્લા કક્ષાની સર્કલ કબડ્ડી સ્પર્ધા ચૌધરી કોલેજ ખાતે યોજવામાં આવી હતી. જેમાં અંડર-૧૭ અને અંડર-૧૯ સર્કલ કબડ્ડી સ્પર્ધામાં જે.એમ. ચૌધરી બહેનોની ટીમ જોડાઈ હતી. સ્પર્ધામાં બન્ને ટીમો જિલ્લા કક્ષાએ વિજેતા બની છે. અને આગામી સમયમાં રાજ્યકક્ષાએ ભાગ લેવા જશે.

અંડર-૧૭ સ્પર્ધામાં શિલ્પા આર. ચૌધરી, મિત્તલ એન. ચૌધરી, પાયલ ડી. ચૌધરી, વર્ષા એચ. ચૌધરી, સુરેખા ચૌધરી, ઈશાની ભાવસાર, દક્ષા ચૌધરી, કમળા ચૌધરી, આશા ચૌધરી રાજ્યકક્ષાએ પસંદગી પામી છે.

અંડર-૧૯ સ્પર્ધામાં મેશ્વા પી. ચૌધરી, આશા વી. ચૌધરી, ચહેર ડી. ચૌધરી, રોશની બી. ચૌધરી, હંસા પી. ચૌધરી, ભારતી એસ. ચૌધરી, ઉર્વશી બી. ચૌધરી, જીનલ એ. ચૌધરી, કિંજલ એફ. ચૌધરી, પાયલ જે. ચૌધરી, ભારતી ડી. ચૌધરી અને ભાર્વિ આર. ચૌધરી વિજેતા બનતા રાજ્યકક્ષાએ પસંદગી પામી છે.

બન્ને ટીમની ખેલાડીઓને આચાર્યા સંતોકબેન ચૌધરી, વ્યાયામ શિક્ષિકા વિનાક્ષી સુતરિયા, લીનાબેન ચૌધરી સહિત શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

## જે.બી. પ્રાથમિક શાળામાં વાલી મિટીંગ યોજાઈ

ગાંધીનગર, તા. ૨૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળામાં ધોરણ-૧ અને ૨નાં વિદ્યાર્થીઓનાં વાલીમિત્રોની મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. મિટીંગમાં વિદ્યાર્થીઓનાં વાંચન, લેખન અને ગણનના અભ્યાસમાં ઝડપથી સુધારો થાય તે માટે શિક્ષકમિત્રો અને વાલીમિત્રો સાથે તેમના અભિપ્રાયોની ચર્ચા કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ગીત, એકપાત્રિય અભિનય, વાર્તા અને વક્તૃત્વ દ્વારા સૌને આનંદ-વિભોર બનાવ્યા હતા. ભાગ લેનાર વિદ્યાર્થીઓને પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# આર્ટ ઓફ લીવીંગ ગાંધીનગર દ્વારા ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરાશે

આર્ટ ઓફ લીવીંગ ગાંધીનગર દ્વારા તા. ૩૧ જુલાઈ ૨૦૧૫ના શુક્રવારે ગુરૂપૂર્ણિમા નિમિત્તે જે સાધકોએ અગાઉ બેઝીક, યસ પ્લસ અથવા હેપીનેસ પ્રોગ્રામ કરેલ હોઈ ફકત તેમના માટે સવારે ૭-૦૦ વાગે સુદર્શન ક્રિયા બલરામ ભવન, કલેકટર કચેરી સામે, સે-૧૨ ખાતે રાખેલ છે. ત્યારબાદ જાહેર જનતા માટે તેજ સ્થળે ૮.૩૦ થી ૧૧.૦૦ બ્લડ ડોનેશન કેમ્પ લાયન્સ કલબ અને રોટરી કલબ કેપીટલનાં સહયોગથી યોજાશે. સાંજે ૬.૩૦ વાગે નારાયણ સેવા અર્થે આ સ્થળે ભેગા થઈ આસપાસની ઝુંપડપટ્ટીમાં ૨૫૦ ગ્રામનું એક એવા સાધકો દ્વારા બનાવેલ ૧૦૦૦ પેકેટસનું વિતરણ કરવામાં આવશે.સેવા બાદ રોજ ૮.૩૦ વાગે સત્સંગ યોજાશે. જેમાં ગાન, જ્ઞાન અને ધ્યાન દ્વારા અલૌકિક અનુભૂતિ અર્થે ગાંધીનગરની ધર્મપ્રેમી જનતાને ઉપસ્થિત રહી સહભાગી અને લાભાન્વિત થવા આર્ટ ઓફ લીવીંગ પરિવાર ગાંધીનગર દ્વારા ભાવભીનું આમંત્રણ છે. વધુ માહિતી માટે સુરેશભાઈ પરમારનો ૯૪૨૬૩ ૦૦૩૦૩ પર સંપર્ક કરવા જણાવ્યુંછે.

## લેઉવા પટેલ સમાજનો જીવનસાથી પસંદગી મેળો

અમદાવાદ ખાતે સમસ્ત ગુજરાત રાજ્યમાં વસતા લેઉવા પટેલ સમાજના યુવક-યુવતીઓ માટે જીવનસાથી પસંદગી મિલન સંમેલન યોજાશે. આગામી તા. ૧ થી ૭ ઓગષ્ટ સુધી સવારે ૯.૦૦ થી સાંજે ૭.૦૦ કલાક દરમિયાન આસ્થા ક્લીનીક, વિશ્વકર્મા સોસાયટી, પેટ્રોલપંપ સામે જોધપુર ચાર રસ્તા, સેટેલાઈટ અમદાવાદ ખાતે યોજાશે. પટેલ સમાજના લગ્નોત્સુક યુવક-યુવતીઓએ સંપુર્ણ બાયોડેટા તેમજ વાલી સાથે રૂબરૂ પસંદગી મેળા સ્થળે ઉપસ્થિત રહેવા જણાવેલ છે.

# મધમાખી કરડતા પુન્દ્રાસણ ગામના વૃદ્ધનું મૃત્યુ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર નજીકના પુન્દ્રાસણ ગામમાં રહેતા ૬૦ વર્ષિય વૃદ્ધનું મધમાખી કરડવાથી કરૂણ મૃત્યુ નિપજ્યું હોવાની ઘટના બનવા પામી છે. સવારના અરસામાં ઝાડની ડાળી કાપતી વખતે મધ ઉડ્યુ હતુ અને વૃદ્ધને ચોંટી જતા ગંભીર હાલતમાં હોસ્પિટલ લઈ જવાયા હતા. ત્યાં સારવાર દરમ્યાન મૃત્યુ નિપજ્યું હતું.

પુન્દ્રાસણ ગામમાં રહેતા ૬૦ વર્ષિય જોયતાજી મથુરજી ઠાકોર આજે સવારે પોણા અગીયાર વાગ્યાના અરસામાં પોતાની દુકાને બેઠા હતા. તે દરમ્યાન એક ઝાડની ડાળી કાપતા મધપુડો છંછેડાયો હતો અને મધમાખીઓ ઉડીને જોયતાજીને ચોંટી ગઈ હતી. મધમાખીઓના ડંખથી ગંભીર રીતે ઘવાયેલા વૃદ્ધ જોયતાજીને તેમનો દિકરો જગદીશજી તાત્કાલિક સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ ગયો હતો જો કે સારવાર દરમ્યાન તેમનું કરૂણ મૃત્યુ નિપજ્યુ હતુ. પેથાપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પી.એમ. કરાવી વિશેરા લઈને એફએસએલમાં મોકલી તપાસ શરૂ કરી છે.



ટોરેન્ટ પાવરની પાસે એક મોટુ વૃક્ષ પડી જતાં ટ્રાફીકને અસર પહોંચી હતી. વન વિભાગે તાત્કાલિક વૃક્ષને ખસેડી મુશ્કેલીઓને દૂર કરી હતી. **(તસવીર : દિપક જાની)**

### ચિરવિદાય

- સ્વ. તેજસ સુરેશભાઈ પટેલ (ઉ.વ.૨૧) મુ. આમજા, તા. કલોક, જી.ગાંધીનગર
- સ્વ. ધવલભાઈ બીપીનચંદ્ર ત્રિવેદી (ઉ.વ.૩૧) પ્લોટ નં. ૧૮૯/૧, સેકટર-૫એ, ગાંધીનગર
- સ્વ. ગોવિંદભાઈ નટવરલાલ સુથાર (ઉ.વ.૭૭) પ્લોટ નં. ૧૨૬૮/૨, સે-૭ડી, ગાંધીનગર
- સમુબેન વરવાભાઈ રબારી (ઉ.વ.૭૫) મુ. પાલજ, તા.જી. ગાંધીનગર
- સ્વ. મેનાબેન ઉદાજી ઠાકોર (ઉ.વ.૬૦) મુ. જલુન્દ્રા તા. દહેગામ, જી. ગાંધીનગર
- સ્વ. કેશરબા જગદીશસિંહ વાઘેલા (ઉ.વ.૭૫) મુ. પેથાપુર, તા.જી. ગાંધીનગર
- ઠાકોર ચીનુભાઈ કલ્યાણસિંહ (ઉ.વ.૫૫) મુ. નવા પહાડીયા, તા.દહેગામ, જી.ગાંધીનગર
- સ્વ. સતુબેન પૂનાજી ઠાકોર (ઉ.વ.૭૦) મુ. અલુવા, તા. કલોક, જી. ગાંધીનગર
- સ્વ. સીતાબેન બચુબાઈ વાઘરી (ઉ.વ.૪૫) પ્રેસ છાપરપાં, સે-૨૮, ગાંધીનગર
- સ્વ. ડાભુબેન બાગાભાઈ ભરવાડ (ઉ.વ.૪૦) મુ. ચૌધરી વાસણા, તા.જી. ગાંધીનગર
- સ્વ.કાળાજી કોહ્યાજી મકવાણા (ઉ.વ.૪૫) મુ. માઘવનગર, તા.જી.ગાંધીનગર
- સ્વ. રામજીભાઈ કેશાભાઈ ભરવાડ (ઉ.વ.૪૮) સે-૧૩ છાપરાં, ગાંધીનગર
- સ્વ. જોઈતીબેન ખોડીદાસ પટેલ (ઉ.વ.૯૦) પાર્થ એપાર્ટમેન્ટ ૬૪૮/૬, સે-૨૨, ગાંધીગનર